સેક્ટર-૧૬ના રંગમંચનું નામાભિધાન કરાયું

પેથાપુરના ઊર્જાનગરમાં તાળા તુટ્યા : ૧.૧૦ લાખની ચોરી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના પેથાપુરમાં આવેલ ઉર્જાનગરના રહેણાંક વિસ્તારમાં ગતરોજ તસ્કરોએ ૩ બંધ મકાનોના તાળા તોડ્યા હતા. એક મકાનમાંથી રૂ. ૧,૧૦,૫૦૦ની મત્તા ચોરી પલાયન થઈ ગયા હતા. જ્યારે બે મકાનમાં ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના પેથાપુર ગામે ઉર્જાનગર સોસાયટી આવેલી છે. જ્યાં ગતરોજ રાત્રીના સમયે સોસાયટીના ત્રણ બંધ મકાને નિશાન બનાવ્યા હતા. પેથાપુરના ઉર્જાનગરના વિભાગ નં. ૩ના મકાન નં. ૩૪માં રહેતા હેમેન્દ્રસિંહ





બાબુસિંહ વાઘેલાના મકાનના મુખ્ય દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના કિં. રૂ. ૧ લાખ અને રોકડ રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૧,૧૦,૫૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. તસ્કરોએ અન્ય બે મકાનોના પણ તોળા તોડ્યા હતા પરંતુ ત્યાંનો ફેરો માથે પડ્યો હતો. આ સંદર્ભે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૭માં ગટરલાઈનમાં મેઈન હોલમાં ગાબડુ : રસ્તો બ્લોક

વરસાદી દિવસોમાં મેઈન હોલ બેસી જતા લાઈન ચોકઅપ તંત્રની ટીમ કામે લાગી

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સે. ૭માં ગટરલાઈનના મેઈનહોલમાં ગાબડુ પડતા રસ્તા પર ગટરનું દૂષિત પાણી ઉભરાતુ જોવા મળે છે. વરસાદી દિવસોમાં મેઈન હોલમાં પોલાણ થતા સમસ્યા સર્જાઈ છે. તંત્રની ટીમ સમારકામ માટે કામે લાગી છે. જેના પરિણામે શોપિંગ તરફ જવાનો રીંગરોડ પણ બ્લોક કરી દેવાયો છે.

શહેરમાં દાયકાઓના અંતે પણ વસતી અને વિકાસ મુજબ ગટરલાઈન અપગ્રેડ કરવામાં આવી નથી. જેના પરિણામે સેક્ટરોમાં વખતોવખત ગટરો ઉભરાવવાની સમસ્યા ઉદ્‌ભવે છે. જ્યારે ગટરલાઈનના મેઈનહોલમાં પણ ક્ષતિઓ ઉદભવતા સેક્ટરોમાં રસ્તા પર ગટરોનું દૂષિત પાણી ઉભરાય છે. પાણી-ગટરના તંત્ર પાસે પણ પર્યાપ્ત મેનપાવર અને જરૂરી સાધનો ઉપલબ્ધ નથી. જ્યારે ગટરલાઈન અપગ્રેડ કરવાની યોજના પણ કોરાણે પડી છે. આવા સંજોગોમાં ગટર સંબંધિત ફરિયાદો દિન-પ્રતિદિન વધી રહી છે. શહેરની વસતી મુજબ ઉપયોગને ધ્યાને લઈ ગટર વ્યવસ્થા અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. સે. ૭માં છેલ્લા ત્રણ દિવસની ગટર સમસ્યામાં અવરોધ ઉભો થયો છે. સે. ૭માં સૌરાષ્ટ્ર પટેલ વાડી પાસે રીંગરોડ પાસે લાઈનનો મેઈનહોલ તુટી જતા સમસ્યા સર્જાઈ છે. વરસાદી સંજોગોમાં માટી પોલાણ થતા ગટરનું દૂષિત પાણી માર્ગો પર ફરી વળ્યુ હતુ. તંત્ર દ્વારા મેઈનહોલનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. જેના પરિણામે હાલ સે. ૭ના મુખ્ય શોપિંગ સેન્ટર તરફ જવાનો રસ્તો પણ બ્લોક કરી દેવાયો છે. જો કે હજુ સોમવારે સાંજે આ કામગીરી પૂર્ણ થાય તેમ હોવાથી આ વિસ્તારમાં ગટરસેવા પણ પ્રભાવિત થઈ છે.

સેક્ટર-૭-ડી શહેરીજન સંસ્થા અને ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળ દ્વારા ચૌધરી સ્કુલ હોલ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તથા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનો અભિવાદન સમારોહ યોજાયો હતો. આ અવસરે ગાંધીનગરના મેયર શ્રીમતી હંસાબેન મોદી તથા ડેપ્યુટી મેયર શ્રી કાર્તિકભાઈ પટેલ અને શહેરના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ખૂણે ખાંચરેથી...

● ૨૪/૨૭ ચાર રસ્તા સર્કલ નજીક ભુવો પડતાં અકસ્માતનો ભય સતત વાહનચાલકોને સતાવી રહ્યો છે.

● સેક્ટરોમાં પડેલા વૃક્ષોને હટાવવાની કામગીરી વન વિભાગ દ્વારા પખવાડિયા પછી પણ હાથ ધરાઈ નથી તો ગ્રામ્ય વિસ્તારમાં પણ આવી પરિસ્થિતિ છે.

● ગાંધીનગરના સે. ૨૭માં વસાહતીઓએ જાતે ભેગા મળી અને ધ્વજવંદન સમારોહ યોજ્યો. જેમાં કોઈ અતિથિ નહોતા.

● વાવોલ-ગાંધીનગર માર્ગ પર આવેલ દ્વારકેશ રેસીડેન્સી ખાતે અનોખી ઉજવણી આઝાદી પર્વની કરાઈ હતી. પ્રભાત ફેરીથી શરૂ થયેલી ઉજવણી રમતોત્સવ અને ઈનામ વિતરણ સાથે સંપન્ન થઈ હતી. અહિં શહીદોને શ્રદ્ધાંજલિ તેમજ મિસાઈલમેન તરીકે ઓળખ પામેલ પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. કલામને પણ શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

● નગરના મુખ્ય માર્ગો ઉપરાંત સેક્ટરોના આંતરિક માર્ગો પર પણ રખડતા પશુધનની સમસ્યા સતત વકરી રહી છે.

● જિલ્લા પંચાયતના પ્રમુખ હીના પટેલ આજે ઉત્તર ગુજરાતના તિરૂપતિ ગણાતા અંબાજી 'મા'ના દર્શને ગયા હતા.

● બાળકો માટે રમત-ગમતના સાધનો મુકવા માટે નગરના બે કાઉન્સીલરોમાં ઝઘડો થયાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

સેક્ટર-૧૬ના રંગમંચનું નામાભિધાન કરાયું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સે. ૧૬માં નવનિર્મિત થઈ રહેલ રંગમંચનું નામ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ આપવાની સાથે શહેરની હદમાં શબવાહિનીની સેવા ૧ રૂ.ના ટોકનદરથી પુરી પાડવાની જાહેરાત મેયર શ્રીમતિ હંસાબેન મોદીએ કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે હદમાં સ્વાતંત્ર્ય દિવસની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો હતો. કાર્યક્રમ અંતર્ગત મેયરશ્રી હંસાબેન મોદી દ્વારા પ્રાસંગિક પ્રવચન અપાયું હતું તથા અદ્યતન જનસેવા કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. ઉપરાંત વિભિન્ન ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર કર્મચારીઓનું તથા આગવી પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓનું ઈનામ આપી સન્માન કર્યું હતું.

સ્વાતંત્ર્ય પર્વના કાર્યક્રમમાં મેયરશ્રી હંસાબેન મોદી, ડેપ્યુટી મેયરશ્રી કાર્તિકભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ, પૂર્વમેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, પક્ષના નેતાશ્રી ગોવિંદભાઈ પરમાર, પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી સુભાષ પાંડવ તથા અન્ય હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, મ્યુનિ. કમિશનરશ્રી જી.આર. ચૌધરી તથા ડેપ્યુટી મ્યુનિ. કમિશનરશ્રી તેમજ અન્ય અધિકારીઓ-કર્મચારીઓએ ઉપસ્થિત રહી ધ્વજવંદન કર્યું હતું.

આ પ્રસંગે પ્રવચન આપતાં મેયરશ્રી હંસાબેન મોદીએ જણાવ્યું હતું કે ગાંધીનગર શહેર ગુજરાતના પાટનગર તરીકે વિકાસની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ઉપરાંત ગાંધીનગર એજ્યુકેશન હબ તરીકે પણ પોતાની આગવી ઓળખ બનાવી રહ્યું છે. દરમિયાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત તેમણે જણાવ્યું કે શહેરના સેક્ટર-૧૬માં તૈયાર કરવામાં આવેલ રંગમંચને ક્રાંતિકારી મહિલા 'ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ' રંગમંચ નામ આપવામાં આવશે. હાલ મહાનગરપાલિકા દ્વારા પૂર્વ મેયરશ્રીના બજેટમાંથી અંતિમયાત્રા વાહનની સુવિધા આપવામાં આવી રહી છે. આ સુવિધા સંદર્ભે વિશેષ જાહેરાત કરતાં મેયરશ્રી દ્વારા જણાવાયું કે આજના સ્વતંત્રતા દિવસ પર્વની મહાનગરપાલિકા હદ વિસ્તારમાં માત્ર ટોકન ૧ રૂપિયાના ચાર્જથી અંતિમ યાત્રા વાહનની સુવિધા પુરી પડાશે. આ સાથે આજે અદ્યતન જનસેવા કેન્દ્રનું પણ ઉદ્‌બોધન કરાયું હતું.

સ્વાતંત્ર્ય દિને કલ્યાણ રાજ્યની વાતોને બદલે રાજનીતિની વાતો પ્રધાનમંત્રીએ કરી : વાઘેલા

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમ પ્રસંગે શંકરસિંહ વાઘેલાનું ઉદ્‌બોધન

ગાંધીનગર, તા. ૧૬

આઝાદી પર્વની ઉજવણીમાં રાજનીતિ કરવાનું વડાપ્રધાને ટાળવુ જોઈએ તેવી માર્મિક ટકોર સાથે વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કલ્યાણ રાજ્યની ભાવનાને બળવત્તર બનાવવામાં જે ખુટે છે તેની વાત કરવી જોઈએ. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ધ્વજવંદન સમારોહ બાદ ઉપસ્થિત કાર્યકરોને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી પ્રજાલક્ષી ભાષણ આપવાનું ચુકી ગયા અને પ્રચારાત્મક ભાષણ કર્યુ છે તે યોગ્ય નથી.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી શંકરસિંહજી વાઘેલાએ ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસના કાર્યાલય સે. ૨૨ ગાંધીનગર ખાતે સ્વતંત્રતા દિન નિમિત્તે સવારે ૮ કલાકે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. જિલ્લા પ્રમુખ શ્રી સૂર્યસિંહજી ડાભીએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. શહેર પ્રમુખ શ્રી ડૉ. કૌશિક શાહે આભાર પ્રકટ કર્યો હતો. પાટનગર અને જિલ્લાના સૌ સન્માનનીય નાગરિકોને આઝાદ દિનની હાર્દિક વધામણી આપતા વિપક્ષ નેતા શ્રી

શંકરસિંહજી વાઘેલાએ જણાવ્યું હતુ કે આવો આપણે સૌ સ્વાધીનતાના જતન માટે સંકલ્પબદ્ધ બનીએ. પ્રજા કલ્યાણના કામો અને પ્રશ્નો અંગે જાગૃત બનીએ નિરાકરણ માટે લલકાર કરીએ. વર્તમાન કેન્દ્ર અને રાજ્યની સરકારોએ આઝાદીના પર્વે રાજનીતિ કરવાને બદલે પ્રજાજનો માટે આર્થિક આઝાદી અને આબાદીની વિવિધ યોજનાઓની જાહેરાત કરવાને બદલે સંસદની કાર્યવાહી સંબંધે વડાપ્રધાનના શરમથી માથુ ઝુકી જાય છે તેવા નિવેદન સામે તીખી પ્રતિક્રિયા શ્રી બાપુએ આપી હતી. ભારત માતાના જય ઘોષ સાથે જન ગણ મન રાષ્ટ્ર ગીતના ગાન સાથે સૌ ઉપસ્થિત નગરજનો રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

ઉક્ત કાર્યક્રમમાં શહેર અને જિલ્લા આગેવાનો-કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. એનએસયુઆઈ, યુવક કોંગ્રેસ, સેવાદળ, મહિલા કોંગ્રેસ પદાધિકારીઓ ઉપરાંત ડૉ. હિમાંશુ પટેલ, સુરેશભાઈ પટેલ, વિક્રમસિંહ ખાચર, મુકેશભાઈ પટેલ, બાબુસિંહ ઝાલા, પૃથ્વીસિંહ રાઠોડ, બાબુજી ઠાકોર, અજીતસિંહ રાઠોડ, અરવિંદસિંહ સોલંકી, મહોતજી ઠાકોર, કાન્તીજી ઠાકોર, લક્ષ્મણભાઈ પટેલ, ભુપેન્દ્ર બારોટ, ચીમનભાઈ વિંઝુડા, પ્રવીણ પટેલ, મુકેશ મારૂ, ગાંડાજી મકવાણા, ભાનુબેન રોહિત, પ્રેમબા હાડા, જયદીપ ઠાકોર, હર્ષજીત પંડ્યા, હસમુખ ઠાકોર, શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતુ રાયકા, વીરેન્દ્ર ઝાલા, મેહુલ પટેલ, રાજેન્દ્રસિંહ ચાવડા, મહેલુ રાઠોડ, નવીન પટેલ, સવિતાબેન ડાભી, ઈન્દુબેન રાવલ, વિગેરે આગેવાનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પ્રમુખ હીનાબેન પટેલના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમ પણ રજૂ થયો હતો. જેને અંતે શ્રીમતી હિનાબેન પટેલના હસ્તે બાળકોને પુરસ્કાર અપાયા હતા તે પ્રસંગની તસવીર.

શુક્રવારે ટાઉનહોલમાં સાંઈરામ દવેનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા હાસ્ય કલાકાર સાંઈરામ દવેનો કાર્યક્રમ તા. ૨૧મી ઓગષ્ટ શુક્રવારે રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો છે. સંસ્કૃતિ સંસ્થા દ્વારા નગરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સાંઈરામ દવેનું ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર તરીકે નામ સમગ્ર રાજ્યમાં ગુંજી રહ્યું છે. શ્રોતાઓને પેટ પકડીને હસાવવા માટે જાણીતા સાંઈરામ દવે ગાંધીનગરમાં પણ ખૂબ લોકપ્રિય છે.

અનામત અંગે પાટીદારોને પૂર્વ મંત્રીએ શીખામણ આપતા ઉહાપોહ

પાટીદાર વિદ્યારત્નોને સન્માનવાના કાર્યક્રમમાં દિલીપ સંઘાણીએ આંદોલનને કવેળાનું ગણાવતા હંગામો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં આજે ટાઉનહોલ ખાતે પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રી દિલીપભાઈ સંઘાણીએ પાટીદાર અનામત આંદોલન બાબતે શિખામણ આપવાની કોશિષ કરતા ભારે ઉહાપોહ થવા પામ્યો હતો. પાટીદારોના ઉહાપોહને કારણે પૂર્વ કૃષિમંત્રીએ તેમનું પ્રવચન ટુંકાવવું પડ્યું હતું.

પાટીદાર વિદ્યારત્નોને સન્માનવાના કાર્યક્રમમાં દિલીપભાઈ સંઘાણીએ પાટીદારોને અનામતની જરૂર નથી અને આ આંદોલન કવેળાનું છે તેવા ઉચ્ચારણો કરતા હોલમાં ઉપસ્થિત પાટીદારોએ હંગામો મચાવ્યો હતો. આ હંગામાના કારણે અંતે દિલીપભાઈએ તેમનું પ્રવચન ટુંકાવી દીધુ હતુ. આ પ્રસંગે કાર્યક્રમના મંચ પર ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ સહિત ભાજપના અગ્રણ્ય નેતાઓ પણ ઉપસ્થિત હતા. તમામની હાજરીમાં મંત્રીને ભોંઠા પડવાનો વારો આવ્યો હતો. આ ઘટનાએ શહેરમાં ચર્ચા જગાવી છે.

પોલીસભવન ખાતે અધિક પોલીસ મહાનિદેશક પી.પી. પાન્ડેએ રાષ્ટ્રધ્વજ લહેરાયો

સ્વતંત્રતા દિન-૨૦૧૫ની ઉજવણી નિમિત્તે પોલીસ ભવન ખાતે અધિક પોલીસ મહાનિદેશક (કાયદો અને વ્યવસ્થા) શ્રી પી.પી. પાન્ડેએ રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપી રાષ્ટ્રગાન કર્યુ હતું. ખડે પગે ફરજ બજાવતા ગુજરાતના પોલીસ જવાનોને સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શ્રી પી.પી. પાન્ડેએ સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના મેડલ મેળવનાર અધિકારીઓના નામોનું વાંચન કરી ઉપસ્થિત મેડલ મેળવનાર અધિકારીઓ/કર્મચારીઓને અભિનંદનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : દિપક જાની)**

ગાંધીનગરના ટેકનોક્રેટ પોલીસ કોન્સ્ટેબલ વિષ્ણુસિંહ સન્માનિત

ગાંધીનગર, તા. ૧૬

વર્તમાન સમયમાં ગંભીર અને ચર્ચાસ્પદ ગુનાઓ આચરતા ગુનેગારોને બસ મિનિટોમાં આંગળીના ટેરવે ટેકનીકલ સર્વેલન્સની મદદથી ગુનાના અંજામ સુધી પહોંચાડનાર ગાંધીનગર એલસીબી પોલીસના ટેકનોક્રેટ કોન્સ્ટેબલ વિષ્ણુસિંહને ૧૫મી ઓગષ્ટના રોજ રાજ્ય સરકાર દ્વારા નવાજવામાં આવ્યા હતા.

આધુનિક સમયમાં સમાજમાં દિન-પ્રતિદિન અનેક પ્રકારના ચર્ચાસ્પદ અને ગંભીર ગુનાઓ આરોપીઓ આચરી રહ્યા છે તેને રોકવા માટે હંમેશા પોલીસ બે કદમ પાછળ જ રહી છે. પોલીસ આ છબીને દૂર કરવા ગાંધીનગર જિલ્લા એલ.સી.બી. પોલીસમાં ટેકનોક્રેટ કોન્સ્ટેબલ વિષ્ણુસિંહ પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છે.

અમદાવાદમાંથી સાયન્સમાં ગ્રેજ્યુએટ વિષ્ણુસિંહ કલ્યાણસિંહ વર્ષ ૨૦૦૧માં નર્મદા જિલ્લામાંથી પોલીસ વિભાગમાં જોડાયા હતા. વિષ્ણુસિંહે

અગાઉ અમદાવાદમાં આતંકવાદ વિરોધી દળ (એટીએસ) અને ગાંધીનગર આર.આર.સેલમાં પણ સેવાઓ આપી ચૂક્યા છે. વર્ષ ૨૦૦૮થી તેઓ ગાંધીનગર જિલ્લામાં સેવા આપી રહ્યા છે. હાલ ગાંધીનગર જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)માં પ્રસંશનીય સેવા કરી રહ્યા છે. વિષ્ણુસિંહે કોઈપણ પ્રકારનો કોમ્પ્યુટર કે આઈ.ટી.નો અભ્યાસ કર્યો નથી તેમ છતાં મિનિટમાં આંગળીના ટેરવે આરોપીઓને પકડવાની કુશળતા ધરાવે છે. વર્તમાન ટેકનીકલ યુગમાં અપહરણ લૂંટ, ધાડ, મર્ડર, ઘરફોડ, ચેઈન સ્નેચીંગ જેવા ગંભીર અને ચર્ચાસ્પદ ગુનાઓ અને ગુનાઓ આચરતા ગુનેગારોનો ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો છે. ત્યારે આવા ગુનેગારો અને તેમની ગેંગને ટેકનીકલ સર્વેલન્સની મદદથી ટેકનોક્રેટ કોન્સ્ટેબલ વિષ્ણુસિંહ રસપૂર્વક અતિઉંડાણપૂર્વક અભ્યાસ કરી ગુનેગારોને ફોલો-અપ કરી પકડી પાડવા તેમજ અસંખ્ય અનડીટેક્ટ ગુના ડીટેક્ટ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

ટેકનોક્રેટ પોલીસ કોન્સ્ટેબલ વિષ્ણુસિંહની કામગીરી તેમજ આગવી સૂજ કદર કરી તેમનું ૧૫મી ઓગષ્ટને શનિવારે ગાંધીનગરમાં જ મંત્રી સૌરવભાઈ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.